ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી
ચોથો માળ, સહયોગ સંકુલ,
સેક્ટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦
ટેલીફોન નંબર:- (૦૭૯)૨૩૨-૫૮૬૫૯
વેબ સાઈટ -:https://gujrera.gujarat.gov.in

ફરિયાદી:- શ્રીમતી ભારતી પ્રમોદ કુમાર સાપરા
રહે. ૧, અક્ષર પાર્ક-૩, વૈભવ એપાર્ટમેન્ટ-૨,
શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪
E-MAIL : bmadaan001@gmail.com

સામાવાળા:- શ્યામલ ડેવલપર્સ
"કદમ્બ વિલાસ", સર્વે નં.૧૮૭/Z,
શર્મા ફાર્મ પાસે, ભાટ,
ગાંધીનગર-૩૮૨૪૨૮
E-MAIL : shyamaldevelopers187@gmail.com.

પ્રોજેક્ટ:- "કદમ્બ વિલાસ"

(કોરમ: શ્રી પી.જે.પટેલ, મેમ્બર-૧/ડો.દિનેશ બ્રહ્મભટ્ટ, મેમ્બર-૨)

ફરિયાદ નં.CMP/GANDHINAGAR/181029/000182

**હુકમ**

**તા.૧૪/૧૨/૨૦૧૮**

૧. ફરિયાદીની ફરિયાદ મુજબ "કદમ્બ વિલાસ" પ્રોજેક્ટમાં પ્લોટ નં.-૨ (ખુલ્લો પ્લોટ) ખરીદવામાં આવેલ તથા ચેક દ્વારા તેનું પેમેન્ટ પણ કરી દેવામાં આવેલ. ત્યારબાદ સામાવાળા દ્વારા ફરિયાદીના પતિ અને પુત્રને તા.૧૬/૧૦/૨૦૧૬ ના રોજ બોલાવી બુકિંગ કેન્સલેશન પર સહી કરાવેલ અને કારણ જણાવેલ કે તેઓની સ્કિમની લીગલ પરમિશન મેળવવાની છે. ત્યારબાદ ફરિયાદીને માલુમ પડેલ કે, તેમના પ્લોટ પર કનસ્ટ્રક્શન ચાલુ

થયેલ છે. અને ફરિયાદી દ્વારા પ્લોટના પઝેશનની માંગણી કરતાં સામાવાળા તરફથી પઝેશન આપવામાં આવેલ નહી.

૨. આથી ફરિયાદીએ ગુજરેરા, ગાંધીનગર ખાતે ઓનલાઈન ફરિયાદ કરેલ અને પોતાના પ્લોટનો કબજો મેળવવા દાદ માંગેલ.

૩. તા.૧૩/૧૨/૨૦૧૮ ના રોજ ફરિયાદીએ ઓથોરિટી સમક્ષ હાજર રહી પોતાની સમસ્યાનું સમાધાન થઈ ગયેલ હોવાનું જણાવેલ અને પોતાની ફરિયાદ પાછી ખેચવા ઓથોરિટી સમક્ષ માંગણી કરેલ છે.

## હુકમ

ફરિયાદીની ફરિયાદનું નિરાકરણ થઈ ગયેલ હોઈ ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

મેમ્બર-૧ મેમ્બર-૨